...

વર્ગની યાદીમાં ક્રમાંક:-૧૪૪ આગળ સામેલ "રાજગોર" જ્ઞાતિના અરજદારશ્રીઓને જાતિ પ્રમાણપત્ર મેળવવા પડતી મુશ્કેલી નિવારવા બાબત.

કી. ક્રમ

2 8 OCT 2022

47487

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પરિપત્ર ક્રમાંક: સશપ/૧૧૦૭/મુ.મં.-૧૯/અ,

સચિવાલય ગાંધીનગર

તા. ૧૯/૧૦/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૦૯/૦૫/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૦૫/મુ.મં.-૧૯/અ

(૨) આ વિભાગનો તા.૨૪/૦૬/૨૦૦૯નો સમાનાંકી પરિપત્ર

(૩) આ વિભાગનો તા.૧૨/૦૫/૨૦૧૧નો સમાનાંકી ઠરાવ

(૪) નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ )ની તા.૧૪/૧૦/૨૦૨૨ની દરખાસ્ત ક્રમાંક:વિજાક/જન/જાપ્રપ/૨૦૨૨-૨૩/૨૧૧૫

પ્રસ્તાવના:-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવ્યા મુજબના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં ક્રમાંક:- ૧૪૪ ઉપર 'રાજગોર' જ્ઞાતિનો સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨)માં દર્શાવેલ પરિપત્રથી રાજગોર જાતિના પ્રમાણપત્ર આપતાં પહેલાં સક્ષમ અધિકારીએ, અન્ય પછાત વર્ગોના પંચશ્રી દ્વારા આપવામાં આવેલ અરજદારનો સર્વે થયાનો દાખલો રજૂ કરવામાં આવે તેવા અરજદારને જ સંબંધિત જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહેશે તે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩)માં દર્શાવેલ ઠરાવથી રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં સમાવાયેલ રાજગોર જાતિ અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ છે, જે મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં ક્રમાંક:- ૧૪૪ ઉપર દર્શાવેલ "રાજગોર" શબ્દના બદલે "કાઠી રાજગોર" તથા "આહિરના ગોર એટલે પરજિયા રાજગોર" શબ્દ પરિભાષિત કરી સુધારો કરવામાં આવેલ છે.

અનુભવે જણાયેલ છે કે, વંચાણે લીધા ક્રમાંક: (૨) થી પરિપત્રિત કરેલ સૂચનાઓ મુજબ જે-તે સમયે અન્ય પછાત વર્ગો માટેના પંચ દ્વારા સર્વે કરાયેલ 'રાજગોર' જ્ઞાતિના અરજદારોને જ સક્ષમ અધિકારીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે પરંતુ, વંચાણે લીધા ક્રમાંક:- (૩) ના ઠરાવથી "રાજગોર' શબ્દને બદલે "કાઠી રાજગોર" તથા આહિરના ગોર એટલે પરજિયા રાજગોર" એમ પરિભાષિત કરેલ હોઈ, જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી દ્વારા આ જાતિના તમામ અરજદાર પાસેથી પંચના સર્વે અંગેનો દાખલો રજૂ કરવાની ફરજ પડાય છે, જે ઉચિત જણાઈ આવતું નથી. વંચાણે લીધેલ ક્રમાંક (૪)થી 'રાજગોર' જાતિનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી મુશ્કેલી નિવારવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા સૂચનો સહ દરખાસ્ત કરવામાં આવેલ હતી જેને ધ્યાને લઇ નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

<u>પરિપત્ર :-</u>

(૧) આ વિભાગના તા.૨૪/૦૬/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક: સશપ/૧૧૦૭/મુ.મં.-૧૯/અ,થી રાજગોર જાતિ માટે જાહેર કરવામાં આવેલ સૂચનાઓ આથી રદ કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રસ્તુત પરિપત્રમાં જણાવેલ 'રાજગોર' જાતિ અંગેની સૂચનાઓ જ રદ્દ કરવામાં આવે છે જ્યારે અન્ય સૂચનાઓ યથાવત રાખવામાં આવે છે.

(૨) વંચાણે લીધેલ ક્રમાંક: (૩) થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં ક્રમાંક:- ૧૪૪ ઉપર 'કાઠી રાજગોર તથા આહિરના ગોર એટલે પરજિયા રાજગોર' પરિભાષિત કરેલ હોઈ, જે કોઈ અરજદારના પંચાયત, મહેસૂલી, શાળાકીય કે અન્ય સરકારી રેકર્ડમાં 'કાઠી રાજગોર કે આહિરના ગોર એટલે પરજિયા રાજગોર' શબ્દનો ઉલ્લેખ કરેલ હોય તેવા અરજદારોને સક્ષમ સત્તાધિકારી દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેશે. અર્થાત આવા અરજદારો પાસેથી અન્ય પછાત વર્ગો માટેના પંચશ્રી દ્વારા સર્વે કરાયાનો દાખલો માંગવાનો રહેશે નહીં.

(૩) પ્રસ્તુત જાતિના અન્ય પછાત વર્ગો માટેના પંચશ્રી દ્વારા સર્વે કરાયેલા કુટુંબ પૈકી કોઈ એક અરજદાર આવો દાખલો ધરાવતા હોય તો આવા અરજદારની સાથે પૈતૃક પક્ષે લોહીના સબંધથી જોડાયેલા (એટલે કે પિતા, પુત્ર, ભાઈ, બહેન, કાકા, દાદા, મોટાબાપા કે ફોઈ વગેરે) અરજદારો દ્વારા સબંધ પ્રસ્થાપિત કરતું પેઢીનામું કે પેઢીઆંબો (Family Tree) / લોહીનો સંબંધ પ્રસ્થાપિત કરતા પુરાવાઓ રજૂ કર્યેથી આવા અરજદારોની જાતિ મુજબનું સક્ષમ અધિકારીઓએ ચોક્કસાઈ રાખી તેમજ પૂરતી ખરાઈ કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેશે. સક્ષમ સત્તાધિકારીઓએ અરજદાર પાસેથી અન્ય પછાત વર્ગો માટેના પંચશ્રી

દ્વારા સર્વે કરાયેલ અસલ દાખલો માત્ર ચકાસણી/ખરાઈ અર્થે માંગવાનો રહેશે, ત્યારબાદ આ દાખલાની નકલ રેકર્ડ અર્થે રાખી અસલ દાખલો અરજદારને પરત કરવાનો રહેશે.

(૪) જે કોઈ અરજદારના પંચાયત, મહેસૂલી, શાળાકીય કે અન્ય સરકારી રેકર્ડમાં 'રાજગોર', 'રાજ્યગુરૂ', 'રાજગોર બ્રાહ્મણ' કે અન્ય કોઈ શબ્દ પ્રયોજાયેલ હોય અને તે અરજદાર 'કાઠી રાજગોર' કે 'આહિરના ગોર એટલે પરજિયા રાજગોર' હોવાનો દાવો કરે તો આવા અરજદારને જાતિ પ્રમાણપત્ર આપતા પહેલાં સક્ષમ સત્તાધિકારીશ્રીએ અરજદારનો/તેના કુટુંબનો પંચશ્રી (અન્ય પછાત વર્ગના પંચની કચેરી, બંગલા નંબર:૧૩ તથા ૧૩-અ, સેક્ટર-૧૯, ગાંધીનગર) દ્વારા સર્વે થયેલ છે કે કેમ? તે અંગે જે-તે અરજદાર પાસેથી, પંચશ્રી દ્વારા આપવામાં આવેલ સર્વેનો દાખલો અવશ્ય મેળવવાનો રહેશે.

પ્રસ્તુત પરિપત્રના મુદ્દા નંબર:- ૦૪ ના અનુસંધાને જો કોઈ અરજદાર અન્ય પછાત વર્ગની કચેરી, ગાંધીનગર ખાતે કુંટુંબના સર્વે અંગેનો દાખલો મેળવવા રૂબરૂ રજૂઆત કરે તો સદર કચેરીએ 'કાઠી રાજગોર' કે 'આહિરના ગોર એટલે પરજિયા રાજગોર' નો દાખલો શક્ય હોય ત્યાં સુધી અરજદાર દ્વારા અરજી કર્યાના દિવસે જ (Same Day) દાખલો આપવાનો રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ની તા.૧૯/૧૦/૨૦૨૨ ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન.રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીનાં અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગોનું પંચ, બંગલા નંબર:૧૩ તથા ૧૩-અ, સેક્ટર-૧૯, ગાંધીનગર
- સર્વે કલેક્ટરશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ)- ગાંધીનગર.

} આપના તાબા હેઠળના જાતિ પ્રમાણપત્ર કાઢી આપનાર સક્ષમ સત્તાધિકારીશ્રીઓના ધ્યાને મુકવા વિનંતી સહ.

- કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. આ પરિપત્ર ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ